R.C.S. No. 01-2019

GJJN080000352019

રજૂ તારીખ:– ૦૭/૦૧/૨૦૧૯
દાખલ તારીખ:– ૦૭/૦૧/૨૦૧૯
નિકાલ તારીખ:– ૧૭/૦૭/૨૦૨૬
અવધિ:– વર્ષ માસ દિવસ
**૦૭ ૦૬ ૧૦**

**<u>નામદાર શ્રી પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબની અદાલત સમક્ષ,</u>**
**<u>મુકામ:– કેશોદ–જુનાગઢ</u>**

**<u>દિવાની મુકદમાલ નં. ૦૧–૨૦૧૯</u>**

**<u>આંક:–</u>**

(૧) વિમલબા W/O નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદા,
ઉ.વ.આ.૪૧, ધર્મે–હિન્દુ, ધંધો–ઘરકામ,

(૨) રાયજાદા સ્વપ્નીલસિંહ નરેન્દ્રસિંહ,
ઉ.વ.આ.૧૯, ધંધો–અભ્યાસ,
રહે.સોંદરડા, ઠે.દરબારગઢ, તા.કેશોદ. હાલ રહે.વરસીંગપુર રોડ, શ્રીજીપાર્ક–૨, ૪૩–બી,
મું.તા.ઉના, જી.ગીર સોમનાથ. ........... **<u>વાદી</u>**

**<u>વિરુદ્ધ</u>**

તલાટી મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સોંદરડા, તા. કેશોદ. ....**પ્રતિવાદી**

**<u>દાવો</u>** **<u>ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૮ મુજબ કેશોદ તાબાના સોંદરડા ગામના રહેવાસી ગુમસુદા / ગુમ થયેલ નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદા, તા.૧૬/૫/૨૦૦૮ થી ગુમ થયેલ હોય જેનુ ''કાનુની મૃત્યુ'' થયેલ છે તે પ્રકારે વિજ્ઞાપન તથા આનુસાંગીક હુકમો મળવા અંગે....</u>**

**<u>રજૂઆત:</u>** **વાદી તરફે:** વિ.વ.શ્રી એસ. ડી. ચાવડા

**R.C.S. No.01-2019**

**પ્રતિવાદી તરફે:** પ્રતિવાદી જાતે

// ઠ રા વ //

હાલના કામે દાવાની હકીકતો તથા પુરાવાની ચર્ચા કરતા પહેલા એ હકીકત અહી નોધપાત્ર છે કે, હાલનો દાવો આ કામના વાદીઓએ અમારા જે તે સમયના પુરોગામી સાહેબશ્રી સમક્ષ દાખલ કર્યા બાદ સદર દાવો અમારા પુરોગામી સાહેબશ્રી સમક્ષ ચાલી જતા અમારા પુરોગામી સાહેબશ્રીએ તા.૩૦/૦૩/૨૦૧૯ ના રોજ સદર કામે જજમેન્ટ જાહેર કરી વાદીઓનો હાલનો દાવો ના મંજુર કરતો હુકમ કરેલ અને હુકમનામુ કરેલ.સદર હુકમ અને હુકમનામાથી નારાજ થઈ હાલના વાદીઓએ કેશોદના નામદાર એડિશ્નલ ડિસ્ટ્રીક જજ સાહેબની કોર્ટમા રેગ્યુલર દિવાની અપીલ નં.૧૯/૨૦૨૪ ની દાખલ કરતા સદર અપીલના કામે નામદાર એડી.સેશન્સ જજ સાહેબશ્રીએ વાદીઓની અપીલ ના કામે (૧) એપેલેન્ટસ/મુળ વાદીઓની હાલની રેગ્યુલર દિવાની અપીલ આથી મંજુર કરવામાં આવે છે.તથા (૨) કેશોદના એડિશ્નલ સીનીયર સિવિલ જજ શ્રીએ રે.દિ.મુ.નં ૧/૨૦૧૯ ના કામમાં તા.૩૦/૦૩/૨૦૧૯ ના રોજ આપેલ હુકમ તથા હુકમનામુ આથી રદ કરવામાં આવેલ છે.તેમજ સદરહુ કામ રીમાન્ડ કરવાનો હુકમ કરવામાં આવે છે.ટ્રાયલ કોર્ટે દિવાની મૃત્યુ સબંધે કાયદાકીય તારણ આપી, એપેલેન્ટસને સુનાવણીની તક આપી નવેસરથી હુકમ કરવા,ફરમાવવામાં આવેછે. તેવો હુકમ કરતા નામ.એડી.સેશન્સ જજના હુકમ મુજબ સદર કેસ અત્રેની કોર્ટમા રીમાન્ડ થઈ આવતા સદર કામ જે તે જુના નંબર થી અત્રેની કોર્ટમા રીસ્ટોર કરવામાં આવેલ છે. અને નામદાર એડી.સેશન્સ જજ સાહેબના હુકમ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.હવે દાવાની હકીકતો ધ્યાને લઈએ તો,

## ૧. દાવા હકીકત:

(૧) વાદીઓની દાવા અરજીની હકીકત ટુંકમા એવી છેકે, વાદી નં.૧ વિમલાબા D/O માધુભા ભુપતિસિંહ પરમાર રહે.મોરબી વાળાના લગ્ન કેશોદ તાબેના સોંદરડા ગામના રહેવાસી નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદા સાથે જ્ઞાતીના રીત રીવાજ મુજબ તા.૮/૧૨/૧૯૯૭ નારોજ થયેલ અને ત્યારથી તેઓ વાદીના કાયદેસરના પતિ થાય છે અને લગ્ન જીવનથી વાદીને સંતાનમાં એક પુત્રનો જન્મ થયેલ છે, જે આ કામમાં વાદી નં.ર છે, આમ વાદી નં.૧ તથા વાદી નં.૨ માતા–પુત્ર થાય છે.

વાદીના દાવાની વિશેષમાં હકીકત એવી છેકે, વાદી નં.૧ ના પતિ અને નં.ર ના પિતા નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદાને ઉતરોતરના વારસાઈ હકકથી નીચે મુજબની ખેતીની જમીન પ્રાપ્ત થયેલ અને જે વાદી નં.૧ ના સસરાની હયાતીમાં જ ઘરમેળે જમીનના ભાગ બટાઈ થઈ ગયેલ હતા અને કબજા મળી ગયેલ હતા અને ખેતીકામ કરતા હતા, વાદી નં.૧ ના પતિ અને નં.૨ ના પિતાની જંગમ મિલકત નીચે મુજબ આવેલ છે.

એ) કેશોદ તાબેના સોંદરડા ગામે ખાતા નં.૨૭૭ વાળી જેના સ.નં.ર૪૪ તથા ૨૪૬ વાળી અનુક્રમે હે.આરે.ચો.મી.ર–O ૦–પર તથા ૧–૨૪–૯૭ વાળી કુલ ૩–૨૫–૪૯ વાળી સંયુકત ખાતે આવેલ છે જે સીમાડાના ખેતરના નામથી ઓળખાય છે.

બી) કેશોદ તાબેના સોંદરડા ગામે ખાતા નં.૨૭૫ વાળી જેના સ.નં.૧૯૭ વાળી હે.આરે.ચો.મી.૩–૦૫–૫૭ વાળી ખેતીની જમીન સંયુક્ત ખાતે આવેલ છે જે મોટુ બીડના નામથી ઓળખાય છે.

ઉપરોકત જણાવેલ વાદીઓના ભાગની મળનારી મિલકતની અંદાજીત બજાર કિંમત રૂા.નવલાખ ગણાય.

વાદીના દાવાની વિશેષમાં હકીકત એવી છેકે, વાદી નં.૧ ના પતિ અને નં.ર ના પિતા કેશોદ તાબેના સોંદરડા મુકામેથી તા.૧૬/૫/૨૦૦૮ નારોજ વાદીને કે તેઓને સ્વસુરગૃહના કોઈપણ સભ્યને કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર કે, કહ્યા વગર જતા રહેલ અને ત્યારબાદ વાદી તથા તેના

સ્વસુરગૃહના સભ્યોને આજદીન સુધી તપાસ કરતા કરાવતા તેમનો કોઈ પતો લાગેલ નથી કે ભાળ મળેલ નથી કે, કોઈપણ પ્રકારને તેઓને સંપર્ક કરેલ નથી કે, હાલમાં તેઓ ક્યાં છે, કઈ હાલતમાં છે, જીવે છે કે, મૃત છે તેની કોઈપણ પ્રકારની તેઓને જાણ કે ખબર નથી. વાદી નં.૧ ના પતિ અને નં.૨ ના પિતા સોંદરડા મુકામેથીગુમ થયા બાદ વાદીના સસરાપક્ષ તરફથી તેઓની ખેતીની જમીન બાબતે આપેલ કુલમુખત્યારનામુ રદ્ કરવા અંગે તથા તેઓ ગુમ થવા બાબતેની જાણ તારીખ ૨૦/૬/૨૦૦૮ નારોજ 'જય હિન્દ' દૈનિક સમાચાર પત્રમા આપેલ. ત્યારબાદ તારીખ ૧૮/૫/૨૦૧૬ નારોજ કેશોદ પોલીસ સ્ટેશનના પી.આઈ. ને ઉદ્ધેશીને ગુમ થયા અંગેની અરજીઆપેલ, તેમછતા પણ આજદીન સુધી કોઈ ખબર અંતર મળેલા નથી નથી. તેમજ અવાર નવાર તપાસ કરવાછતા ભાળ મળતી ન હોય જેથી કાયદાની નજરમાં તેનુ કાનુની મૃત્યુ થયેલ છે.

વાદી નં.૧ ના પતિ અને નં.૨ ના પિતા નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદા ના વાદીઓ કાયદેસરના સીધીલીટીના વારસદારો છે અને વાદીઓ સિવાય અન્ય કોઈ સીધી લીટીના વારસદાર નથી. વાદીઓ ધ્વારા દાવો કરતા પૂર્વે પી.આઈ.શ્રી કેશોદ તથા સુપ્રીન્ટે ન્ડેન્ટ ઓફ પોલીસ, જુનાગઢ તથા મામલતદારશ્રી કેશોદ તથા પ્રતિવાદીને જરૂરી તપાસ કરી શકે તે હેતુ માટે થઈ કાયદાની જોગવાઈ મુજબ વૈધાનીક નોટીસ આપેલી, જે નોટિસ બજી ગયેલ છે, જે અનુસંધાને પ્રતિવાદીનો જવાબ તથા કરેલ પંચ રોજકામ તા.૧૨/૯/૧૮ નુ રજુ રાખેલ છે. આ સંજોગોમાં ગુમસુદા નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદાનુ કાનુની મૃત્યુ થયુ છે તે પ્રકારે વિજ્ઞાપન મળવા સબંધે વિજ્ઞાપન મળવા તથા રેવન્યુરેકર્ડમાં વાદીઓના નામે વારસાઈ એન્ટી પડાવવા માટે થઈ દાવો દાખલ કરવા જરૂરત ઉભી થયેલ છે. જેથી દાવો લાવી દાદ માગેલ છેકે, :–

(૧) ગુમસુદા નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદા, રહે.સોંદરડા વાળા સને ૨૦૦૮ થી ગુમ થયેલ હોય ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૮ મુજબ તેનુ કાનુની મૃત્યુ થયેલછે તેવુ વિજ્ઞાપન આપવા તેમજ,

(૨) ગુમસુદા નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદા, રહે.સોંદરડા વાળા સને ૨૦૦૮ થી ગુમ થયેલ હોય અને તેઓનુ કાનુની મૃત્યુ થયેલહોય જેથી પ્રતિવાદી તેની કચેરીમાં નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદાની મરણની નોંધ કરી આપી અને મરણ પ્રમાણપત્ર કાઢી આપે તેવો હુકમ કરવા તેમજ,

(૩) દાવાને અનુરૂપ મળી શકતી તમામ આનુસાંગીક દાદ અપાવવા અરજ કરેલ છે.

**૨.** સદર કામે દાવો દાખલ થતા આ કામના પ્રતિવાદીને સમન્સ કરી હાજર રખાવવામાં આવેલ અને આંક–૦૫ થી તેઓ તરફે પુરસીસ આપી જાહેર કરેલ છે કે, આ કામે તેઓને દાવા અંગેની નોટીસ બજેલ હોય, આ નોટીસના જવાબ અંગે અગાઉ તેઓએ પંચ રોજકામ કરેલ હોય જે આ કામે રજુ થઈ ગયેલુ હોય, તેઓ આ કામે હવે કોઈ જવાબ રજુ કરવા માગતા નથી, તેવુ પુરસીસથી જાહેર કરેલ છે.તે સિવાય હાલના દાવાના કામે કોઈ વાધા જવાબ રજુ કરેલ નથી કે તકરાર લીધેલ નથી.

**૩. <u>વાદી તરફેનો પુરાવો</u>:–**

આ કામે વાદી તરફથી નીચે મુજબનો લેખિત તથા મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>:–**

| **ક્રમ** | **આંક–** | **વિગત** |
|---|---|---|
| **૧.** | ૭ | વાદી નં.૧ વિમલબા w/o નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદા, D/O માધુભા ભુપતસિંહ પરમારનું પુરાવાનું સરતપાસનું સોગંદનામું, |
| **૨.** | ૮ | વાદી નં.૨ સ્વપ્નીલસિંહ નરેન્દ્રસિંહ રાયજાદાનું પુરાવાનું સરતપાસનું સોગંદનામું, |
| **૩.** | ૧૦ | વાદી તરફે સાહેદ કૃષ્ણાબા અનિરૂધ્ધસિંહ રાયજાદાનું પુરાવાનું સરતપાસનું સોગંદનામું, |
| **૪.** | ૧૧ | વાદી તરફે સાહેદ મુળજીભાઈ બાવનજીભાઈ ઉસદડીયાનું પુરાવાનું સરતપાસનું સોગંદનામું, |

<u>દસ્તાવેજી પુરાવો</u>:–

| <u>ક્રમ</u> | <u>આંક–</u> | <u>વિગત</u> |
|---|---|---|
| **૧.** | ૧૨ | ગુમસુદા નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદાના ચુંટણી કાર્ડની નકલ, |
| **૨.** | ૧૩ | સોંદરડા ગામના ખાતા નં.૨૭૭ ની ૮–અ ની નકલ, |
| **૩.** | ૧૪ | સોંદરડા ગામના સર્વે નં.૨૪૪ની ૭/૧૨ ની નકલ, |
| **૪.** | ૧૫ | સોંદરડા ગામના સર્વે નં.૨૪૬ ની ૭/૧૨ ની નકલ, |
| **૫.** | ૧૬ | સોંદરડા ગામના ખાતા નં.૨૭૫ ની ૭/૧૨ ની નકલ, |
| **૬.** | ૧૭ | સોંદરડા ગામના સર્વે નં. ૧૯૭ની ૭/૧૨ ની નકલ, |
| **૭.** | ૧૮ | વાદીઓના કુપનની ઝેરોક્ષ નકલ, |
| **૮.** | ૧૯ | તા.૨૦/૬/૦૮ ના 'જય હિન્દ' વર્તમાનપત્ર ની નકલ, |
| **૯.** | ૨૦ | ગ્રામ પંચાયત કચેરી સોંદરડાનો દાખલો, |
| **૧૦.** | ૨૧ | વાદીએ આપેલ કેશોદ પોલીસ સ્ટેશનની ફરીયાદ અરજીની નકલ, |
| **૧૧.** | ૨૨ | કેશોદ પો.સ્ટે.માં ગુમ થયા અંગેના રજીસ્ટરમાં નોંધ લીધાની અરજીની નકલ, |
| **૧૨.** | ૨૩ | કેશોદના પી.આઈ.શ્રીએ રજીસ્ટરે ગુમ થયાની અરજી હુકમ સાથેની નકલ, |
| **૧૩.** | ૨૪ | "દિવ્ય ભાસ્કર'માં પ્રસિધ્ધ કરેલો નોટિસની નકલ, |
| **૧૪.** | ૨૫ | પ્રતિવાદી નં.૧ નાએ આપેલ જવાબ, |
| **૧૫.** | ૨૬ | પ્રતિવાદી નં.૧ નાએ કરેલ પંચ રોજકામની નકલ, |

૪. આ કામે વાદી તરફે આંક–૨૭ થી વિશેષ પુરાવો આપવો ન હોય તે મતલબની પુરસીસ રજૂ કરી પુરાવો બંધ કરેલ છે.

**૫. <u>પ્રતિવાદી તરફેનો પુરાવો:</u>–**

આ કામે પ્રતિવાદી તરફથી કોઈ મૌખિક કે દસ્તાવેજી પરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.અને અમારા જે તે સમયના પુરોગામી સાહેબશ્રીએ પ્રતિવાદીના પુરાવા નો હકક બંધ કરેલ છે.

૬. ત્યારબાદ સદર કામ દલિલ માટે આવતા હાલના કામે વાદી તરફે તેમના વિ.વ.શ્રી દ્વારા આંક–૩૮ થી લેખિત દલીલ રજૂ રાખેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ વાદી નં. ૧ ના પતિ અને વાદી નં. ૨ ના પિતા નરેન્દ્રસિંહ અનિરૂદ્ધસિંહ રાયજાદા તા. ૧૬/૦૫ ૨૦૦૮ થી તેઓ વાદીને કે તેઓ વાદીના સાસરા પક્ષના કોઈપણ લોકોને કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર ક્યાંય ચાલ્યા ગયેલ છે. જે બનાવને સાત વર્ષ કરતા વધુ સમય થઈ ગયેલ હોય, અને જો નરેન્દ્રસિંહ અનિરૂદ્ધસિંહ રાયજાદા હયાત હોત તો તેઓએ ચોક્કસ રીતે પોતાના પરિવારના જે વઈ સભ્યોનો કે અન્ય સગા વ્હાલાઓનો સંપર્ક કરેલો જ હોત. પરંતુ તેવું કંઈ થવા પામેલ નથી અને નરેન્દ્રસિંહ અનિરૂદ્ધસિંહ રાયજાદાને પોતાન ભાઈઓ તથા માતા સાથે સંયુક્ત ખેતીની જમીનો આવેલી છે. જે જમીનોનો તેમની ગેરહાજરીના કારણોસર યોગ્ય વહીવટ, પાક ધિરાણ, વિગેરે ખેતી વિષયક કામગીરી થઈ શકતી નથી જેથી તેઓનું કાનૂની મૃત્યુ થયુ છે. તેવું ઠરાવી આપવા અને તે અન્વય કરવાની થતી મરણનોંધ વિગેરે કરી આપવા હુકમ કરવા હાલની દાવો વાદી તરફથી લાવવામાં આવેલ છે.વધુમાં જણાવેલ છે કે, હાલનો દાવો એ ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૧૦૮ અન્વયે લાવવામાં આવેલો છે. ઉપરોક્ત દાવો દાખલ થતા અને દાવામાં જોડવામાં આવેલ તલાટી મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી સૌંદરડાને ધોરણસર સમન્સ બજી જતા તેઓ નામદાર અદાલત સમક્ષ હાજર થયેલ છે અને હાજર થઈને પોતાના પક્ષે પોતાનો જવાબ રજુ કરેલ છે. જવાબ રજુ થતા તેઓએ તેમના જવાબમાં વાદીના

દાવાને સમર્થન આપેલ છે અને જણાવેલ છે કે, તા. ૧૬/૦૫/૨૦૦૮ પછી નરેન્દ્રસિહ અનિરૂદ્ધસિંહ રાયજાદને સોંદરડા ગામના કોઈપણ વ્યક્તિએ ક્યાંય પણ જોયેલ નથી કે, તેઓ ક્યારેય પણ સોંદરડા ગામ મુકામે આવેલ હોય તેવુ બનેલ નથી. એવો જવાબ આપતા નામદાર અદાલત દ્વારા હાલના દવાના ન્યાયીક નિર્ણય માટે આંક-૬ થી મુદ્દા ઘડામાં આવેલા છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામમાં આંક-૭ થી વાદી નં. ૧ વિમલબા વા/ઓ નરેન્દ્રસિંહ અનિરૂદ્ધસિંહ રાયજાદા ડો/ઓ. માધુભા ભુપતસિંહ પરમારની જુબાની થયેલી છે. જે જુબાની પ્રતિવાદી પક્ષ તરફથી કોઈ ઉલટતપાસ કરવામાં આવેલી ન હોય તેઓનો ઉલટતપાસનો હક્કબંધ કરવામાં આવેલો, એટલું જ નહી ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ અનુસાર નામદર અદાલતને પણ ન્યાયનો હેતુ સફળ બનાવવા માટે પ્રશ્નનો પુછવાની સત્તા છે. તેવા પણ કોઈ પ્રશ્નો નામદાર અદલત દ્વારા પણ લેવામાં આવેલા નથી. આમ વિમલબાની જુબાનીમાં કોઈ શંકા ઉત્પન્ન થતી નથી. અને જેથી તેમની જુબાની ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. તેમજ વાસ્તવિક્તા જોવામાં આવે તો સદરહુ કામે પોલીસ તરફથી મેળવેલી ખરી નકલો રજુ કરવામાં આવેલી છે. જે હાલના કામમાં આંક- ૨૧ થી આંક-૨૩ સુધીના દસ્તાવેજી પુરાવાઓ છે. જે અનુક્રમે આંક-૨૧ વાદીએ કેશોદ પોલીસ સ્ટેશનમાં આપેલ ફરીયાદ અરજીની નકલ, આંક-૨૨ થી કેશોદ પોલીસ સ્ટેશનમાં ગુમ થયા અંગેના રજીરટરમાં નોંધ લીધાની અરજીની નકલ તથા આંક-૨૩થી કેશોદા પી.આઈ. સાહેબે રજીસ્ટરે ગુમ થયાની અરજી હુકમ સાથેની નકલ રજુ થયેલ છે. પોલીસને આપેલ અરજી તા. ૦૮/૦૫/૨૦૧૬ના રોજ આપેલ છે તેવુ રેકર્ડ પરથી ફલીત થાય છે. એટલે કે, હાલ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈમાં જણાવ્યા મુજબ હાલ સાત વર્ષ કરતા વધુ સમય પુર્ણ થઈ ગયેલ છે. પરંતુ તેમ છતાં પોલીસ તરફથી નરેન્દ્રસિંહ અનિરૂદ્ધસિંહ રાયજાદા ક્યાંય મળી આવેલ હોય કે હયાત હોય તેવી કોઈ જાણ વાદીને આપવામાં આવેલી નથી અને આવા સંજોગોમાં નરેન્દ્રસિહ અનિરૂદ્ધસિંહ રાયજાદાનું મૃત્ય તા.૧૬/૦૫/૨૦૦૮ના રોજ

થયેલુ છે તેવુ માનવાને કારણ રહે છે.વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદઆ કામમાં આંક–૮ થી થયેલી સ્વપ્નીલસિંહ નરેન્દ્રસિહ રાયજાદની જુબાની થયેલ છે. તે પણ ન માનવાને કોઈ કારણ રહેતુ નથી કારણ કે તેમની કોઈ ઉલટ તપાસ કે તેમના કથનમાં કોઈ શંકા ઉભી કરે તેવા કોઈ પ્રશ્નો પણ લેવામાં આવેલ નથી. એટલે કોઈપણ રીતે તેમની જુબાની પરત્વે શંકા રાખી શકાય તેવી સ્થિતિ નથી અને તેજ રીતે આંક–૧૦ થી આ કામમાં રજુ થયેલ સાહેદ કૃષ્ણાબા અનિરૂદ્ધસિંહ રાયજાદની જુબાની છે, જેપણ કોઈપણ પ્રકારની શંકાથી રહીત છે અને જેથી પણ તેમની જુબાની પરત્વે કોઈ શંકા ઉભી થતી ન હોય તેમના મૌખીક પુરાવાને સંપૂર્ણપણે સ્વિકૃત કરવો જોઈએ તેવી સ્થિતિ રહેલી છે. અને એનાથી વિશેષમાં જણાવીએ તો આંક ૧૦ થી જુબાની આપનાર કૃષ્ણાબાએ ગુમ થનાર નરેન્દ્રસિંહ અનિરૂદ્ધસિંહ રાયજાદાના માતૃશ્રી થાય છે અને કોઈપણ માતા પોતાના પુત્ર સંદર્ભે અને પુત્રના અસ્તિત્વ સંદર્ભે ક્યારેય પણ કોઈ ખોટી જુબાની આપે તેવુ બની શકે જ નહી, તે હકીકત સામાન્ય બુદ્ધી ધરાવતો માણસપણ સ્વીકારી શકે તેવી હકીકત છે અને ત્યારબાદ આંક–૧૧ થી સાહેદશ્રી મુળજીભાઈ બાવનજીભાઈ ઉસદીયાનું જુબાની થયેલ છે. જે પણ અને ચેલેન્જ છે, આમ આ સાક્ષીની જુબાની પણ એબ્સોલ્યુટ થયેલ છે. ત્યારબાદ રજુ થયેલા દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો જેમાં આંક–૧૨ થી આંક–૨૬ સુધી રજુ થયેલ છે. તે પૈકી આંક–૧૨ નરેન્દ્રસિહ અનિરૂદ્ધસિંહ રાયજાદાના ચુંટણીકાર્ડની નકલ છે. આંક–૧૩ થી આંક–૧૭ સુધીના દસ્તાવેજોએ ખેતીની જમીનને લગતા રેવન્યુ રેકડની નકલ છે અને આંક–૧૮ થી વાદીઓના રેશનકાર્ડની નકલ છે તેમજ આંક–૧૯ થી જયહિંદ વર્તમાન પત્રની નકલ છે, જે તા. ૨૦/૦૬/૨૦૦૮ના રોજ ની છે. તેમજ આંક–૨૦ થી ગ્રામ પંચાયત કચેરી સોંદરડાનો દાખલો છે. આંક–૨૧ થી આંક–૨૩ સંદર્ભે આગળના પેરામાં રજુઆત કરેલી છે જેથી પુનરાર્વતન દોષ ટાળવા અત્રે ફરીથી તે સંબંધે રજુઆત કરતા નથી. આંક–૨૪ થી દિવ્યભાસ્કરમાં પ્રસિદ્ધ કરાયેલ તા. ૨૭/૦૬/૨૦૧૮ની જાહેર નોટીસ છે અને આંક–૨૫ થી સોંદરડા ગ્રામ

પંચાયતનો પત્ર તથા આંક–૨૬ થી સોંદરડા ગ્રામ પંચાયતે રજુ કરેલુ રોજકામ રજુ છે. ઉપરોક્ત તમામ દસ્તાવેજોને નામદાર અદાલત દ્ધારા આંકે પાડવામાં આવેલા છે અને પુરાવામાં વંચાણે લઈ શકાય તેવી સંપૂર્ણસ્થિતિ રહેલી છે. તે મુજબ ધી ઈન્ડિયન એવીડેન્સ એક્ટ ૧૮૭૨ ની ક્લમ–૧૦૮ વંચાણે લઈએ તો કોઈ ગુમસુદ વ્યક્તિ જીવે છે કે તેનુ મૃત્યુ થયું છે તે બાબતે સાત વર્ષ સુધી તેના કુદરતી સંબંધીઓને જાણ ન થાય ત્યારે આવી વ્યક્તિનું મૃત્યુ થયુ છે. તેવુ માનવુ જોઈએ, જે મુજબ હાલના કામમાં જોઈએ તો સૌપ્રથમ જે દસ્તાવેજી પુરાવા રજુ થયા છે. તે મુજબ કેશોદ પોલીસ સ્ટેશનમાં તા. ૦૮/૦૫/૨૦૧૬ના રોજ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કેશોદનાઓ ને સંબોધીને અરજી આપેલી છે. જે રેકર્ડ પરથી ફલીત થાય છે. એટલું જ નહી તા.૨૦/૦૬/૨૦૦૮ના રોજ જયહિંદ દૈનિકમાં વકીલશ્રી પ્રદિપ જે. મેસવાણીયા મારફતે આપેલી જાહેર નોટીસને ધ્યાને લેતા તેમજ અન્ય તામામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા સ્પષ્ટ રીતે આ કામના વાદીઓનો દાવો મંજુર કરવા પાત્ર છે અને ગુમસુદ નરેન્દ્રસિહ અનિરૂદ્ધસિંહ રાયજાદા તા. ૧૬/૦૫/૨૦૦૮ના રોજથી ગુમ થયેલ છે અને ત્યારથી સાત વર્ષથી વધુનો સમય વીતી જવા છતાં તેઓની કોઈ ભાળ મળેલ નથી. તેવું માનવાને કારણ રહે છે. અને જો પોલીસને અરજી આપેલી તે તારીખથી ગણવામાં આવે તો પણ અટલે કે તા. ૦૮/૦૫/૨૦૧૬થી ગણવામાં આવે તો પણ સાત વર્ષ કરતા વધુ સમય વિતી ગયેલો છે. અને સદર સમયગાળામાં કોઈપણ પ્રકારની જાણ નરેન્દ્રસિંહ અનિરૂદ્ધસિંહ રાયજાદા બાબતે થવા પામેલ નથી. જે બાબત સ્વયં સ્પષ્ટ છે. પ્રતિવાદીઓએ રજુકરેલા પુરાવાઓ, રોજકામ વિગેરે ધ્યાને લેતા પણ નરેન્દ્રસિંહ અનિરૂદ્ધસિંહ રાયજાદા હયાત હોય તેવો કોઈ પુરાવો કે તેને કોઈએ જોયેલ હોય કે કોઈ ભાળ મળેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. અને આવા સંજોગોમાં વાદીઓએ પોતે જ પોતાની જુબાનીઓ તથા સ્વતંત્ર સાક્ષીની જુબાની તેમજ વિગેરે રેકર્ડપર તથ્યોને ધ્યાને લેતા વાદીનો હાલનો દાવો મંજુર કરવા પાત્ર રહે છે. તેથી હાલનો દાવો મંજુર કરવા વાદીએ રજૂઆત કરેલ છે અને ઉપરોક્ત રજુઆત કરી તે મુજબ આંક–૬ થી

ઘડવામાં આવેલા મુદ્દાઓ સંબંધે વાદી ઉપર મુકવામાં આવેલ ભારણ વાદી સંપૂર્ણપણે પુરવાર કરી શકેલ છે તેવી તેમની રજુઆત છે. તેથી નામદાર દીવાની અદાલતએ હાલના દાવાના કામે અગાડી નિર્ણય આપેલ હતો અને તે મુજબ હુકમ અને હુકમનામું જાહેર કરેલું જે હુકમ અને હુકમ નામું વાદીની વિરુધ્ધમાં આપી દાવો રદ કરેલો હતો જે દાવો રદ કરવાનું કારણ એકમાત્ર કારણ પોલીસ ગુમ રજીસ્ટરે જાણ કર્યા તારીખથી સાત વર્ષનો સમય પૂર્ણ થયેલ ના હોય તેવા કારણોસર દાઓ રદ કરેલો હતો. અને ત્યારબાદ સદર કામ સંબંધે વાદીએ રે. દી. અપીલ દ્દાખલ કરેલી. જે કામે નામદાર એ.ડી.- ડિસ્ટ્રીક જજ સાહેબએ અપીલ ચાલતા દરમિયાન પોલીસમાં નરેન્દ્રસિંહ અનિરુધ્ધસિંહ રાયજાદા ગુમ થયેલાની જાહેરાત કરેલ હોય. તેને ૭(સાત) વર્ષનો સમય પૂર્ણ થઈ ગયેલ હોય વાદી ન્યાયથી વંચિત ના રહી જાય તેવા શુભ હેતુથી કેસ રિમાન્ડ કરેલ અને જેથી હાલ ૭ (સાત) વર્ષનો સમય પૂર્ણ થઈ ગયેલ હોય, તેઓનો હાલનો દાવો મંજૂર કારવાં અરજ ગુજારેલ છે. ।અને તેમની દલિલોના સમર્થનમા PHOOLI DEVI Versus STATE OF RAJASTHAN, 2001, LawSuit (Raj) 666 ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

જ્યારે પ્રતિવાદીએ આંક-૩૯ થી લેખિત દલીલો રજૂ રાખેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ પ્રતિવાદી સોંદરડા ગામના તલાટી કમ મંત્રી તરીકે નોકરી કરે છે. આ કામે વાદી દ્વારા સોંદરડા ગામના રહેવાશી નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદા જે સૌંદરડા મુકામેથી તા. ૧૬/૦૫/૨૦૦૮ નાં રોજ કોઈને જાણ કર્યા વગર જતા રહેલ હોય. જેનો આજદીન સુધી પતો લાગેલ નથી. તે બાબતની નામદાર કોર્ટમાં યોગ્ય દાદ મેળવવા દાવો લઈ આવેલ છે. જેમાં વાદીએ તેઓને પ્રતિવાદી તરીકે જોડેલ છે. આ બાબતે પ્રતિવાદી એ સોંદરડા ગામના તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા હોય તેથી આ કામે તેઓને પ્રતિવાદી તરીકે જોડેલ હોય તેથી તેઓની ફરજની રૂએ વાદીના પતિ નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદા જે સોંદરડા મુકામેથી તા.૧૬/૦૫/૨૦૦૮ નાં રોજ કોઈને જાણ કર્યા વગર જતા

રહેલ હોય. જે બાબતે તેઓ સોંદરડા ગામના જ્ઞાતીના આગેવાનો પંચો રૂબરૂ તપાસ કરેલ તથા પંચરોજ કામ કરતા ગામ લોકોનું તથા પંચોનું એવું કહેવાનું છે કે આ નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદા જેઓને ઘણા વર્ષોથી એટલે કે સને ૨૦૦૮ થી સોંદરડા ગામથી ગુમ થયેલ હોય જે આજદિન સુધી તેની કોઈ ભાળ મળેલ ન હોય કે તેને કોઈ પણ ગામ કે તાલુકા જીલ્લા માં કોઈને જોવા મળેલ હોય તેવું જોયેલ નથી કે તેઓની કોઈ ભાળ મળેલ નથી. તે અંગેનું પ્રતિવાદી એ તા.૧૮/૦૩/૨૦૨૬ નાં રોજ એક પંચરોજ કામ કરેલ છે જેમાં પ્રતિવાદીની હાજરીમાં પંચો એ જે વિગત જણાવી છે જે પંચરોજ કામમાં જણાવેલ છે અને તેમની રૂબરૂ પંચોએ સહી કરી આપેલ છે.જે પંચનામું નામદાર કોર્ટમાં પ્રતિવાદી ગ્રામ પંચાયતનાં તલાટી મંત્રી તરીકે સત્ય હકીકત નામદાર કોર્ટ સમક્ષ રજુ કરવા ગામના પંચો રૂબરૂ પંચનામું કરેલ જે પંચનામું નામદાર કોટમાં તેઓએ રજુ રાખેલ છે.વધુમાં જણાવેલ છે કે, અગાઉ સોંદરડા ગામ પંચાયત જાવક નં. ૯૫/૨૦૧૮-૧૯ તા.૧૨/૦૯/૨૦૧૮ નાં રોજ પણ એક લીગલ નોટીસનાં જવાબમાં તા.૧૬/૦૫/૨૦૦૮ થી ગુમ થયેલ નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદા જે આજદિન સુધી સોંદરડા ગામે પરત આવેલ નથી તથા ગામની કોઈ વ્યક્તિને મળેલ નથી. જેનું પંચરોજ કામ થયેલ છે. જે અગાઉના તલાટી મંત્રીએ કરવામાં આવેલ હતું. એ મુજબ હાલના સમયમાં તેઓએ ગામમાં આગેવાનો પંચોની સાથે માહિતી મેળવતા તથા પંચરોજ કામ કરતા આ ગુમ થનાર વ્યક્તિ સોંદરડા ગામે આવેલ નથી તથા પંચોના કહેવા મુજબ આ ગુમથનાર વ્યક્તિની કોઈ ભાળ મળેલ નથી જે માહિતી ગ્રામ પંચાયતના તલાટી તરીકે પંચરોજ કામના સ્વરૂપમાં નામદાર કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે.

વધુમાં જણાવેલ છે કે, જન્મ અને મરણ નોંધણી અધિનિયમ અંગેની રજીસ્ટર માટેની માર્ગદર્સીકાની બુકમાં અનુક્રમણીકામાં પાંચ અન્ય નોંધની કાર્ય પદ્ધતિ પ્રથાઓ પ્રણાલીમાં ગુમ થયેલ વ્યક્તિઓ ની નોંધણી ૫,૬ ની જોગવાઈ મુજબ મરણની નોંધણી માટે વ્યક્તિની મરણનું સ્થળ જરૂરી છે. તેમ છતાં ગુમ થયેલી વ્યક્તિની બાબતમાં તેના મરણનું અનુમાન કરી શકાય

છે. તેમાં મરણની ખરેખર તારીખ અને મરણનાં સ્થળની ખાતરી કરી શકાતી નથી. સામાન્ય રીતે સાત વર્ષના વૈધાનિક સમય સુધી તે વ્યક્તિ વિષે કાઈ સાંભળ્યું ન હોય તો તેને મરણ પામેલો માનવામાં આવશે તે અગાઉ નહી મરણ અને તે બનાવની તારીખ અને સમયનું અનુમાન સાબિત બોજાની બાબત છે. સાત વર્ષ કરતા વધારે સમયથી ગુમ થયેલી વ્યક્તિના મરણની તારીખ અને સ્થળની બાબતમાં હકીકતનો પ્રશ્ન છે અને આ સબંધમાં પોતાની સમક્ષ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાને આધારે કે સત્તા અધિકારી તે નક્કી કરી શકે ગુમ થયેલ વ્યક્તિના મરણની તારીખ અને સ્થળ નક્કી કરવાના પ્રશ્નમાં જન્મ અને મરણ નોંધની અધિનિય અને નિયમો મોન હોવાથી આ માટે કરેલ હક્ક સ્થાપક દાવા માં અદાલતે આપેલ તારીખ પર આધાર રાખી શકાય. જે મુજબની લેખિત દલીલ ધ્યાને લઇ હુકમ કરવા અરજ ગુજારેલ છે. અને તેમની દલિલો સાથે આંક.૪૦ ના લિસ્ટથી માર્ક.૪૦/૧ થી તલાટી કમ મંત્રીનો જવાબ સાથેનો ફોરવર્ડીંગ લેટર, માર્ક.૪૦/૨ થી  જન્મમરણ નોંધણી માર્ગદર્શીકાના પેજ નં.૪ ની નકલ તથા માર્ક.૪૦/૩ થી પંચરોજકામ રજુ કરેલ છે.

૮. સદર કામે વાદી પ્રતિવાદીના પક્ષનિવેદનો પરથી મારા પુરોગામી જજ સાહેબશ્રીએ આંક-૦૬ થી દાવાના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**// મુદ્દાઓ //**

૧. શું વાદીઓ પુરવાર કરે છે કે, નરેન્દ્રસિંહ અનીરુધ્ધસિંહ રાયજાદા તા. ૧૬/૫/૨૦૦૮ ના રોજ ગુમ થયેલ છે?

૨. શું વાદીઓ તેઓની દાવા અરજીના પેરા નં. ૧૫મા માંગેલ દાદ મેળવવા માટે હક્કદાર છે?

૩. શું હુકમ? શું હુકમનામું?

## // નિર્ણય //

૧. હકારમાં

૨. હકારમાં

૩. આખરી હુકમ મુજબ

**-:કારણો:-**

**૯.** દિવાની કાર્યવાહી સબંધે ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ જોતાં એ સ્વિકૃત છે કે, જે તે પક્ષકારો દ્વારા તકરાર સબંધે કરવામાં આવેલ કથનો પુરવાર કરવાનો બોજો, તેના કથન કરનાર પક્ષકાર ઉપર રહે છે. એ પણ સ્વિકૃત છે કે, આવાં પક્ષકાર તેનાં કથન અંગે શ્રેષ્ટ પુરાવો રજૂ કરે તો તેનાથી વધુ સારો પુરાવો રજૂ કરવાનો બોજો, આ કથનો ઈન્કાર કરનાર પક્ષકાર ઉપર આવે છે. તેમજ તે પક્ષકાર જો અગાઉના પક્ષકાર કરતા વધુ સારો પુરાવો રજૂ કરે તો તેનાથી શ્રેષ્ઠ પુરાવો રજૂ કરવાનો બોજો, અગાઉના પક્ષકાર ઉપર પાછો ફરે છે. આમ, પુરાવાનો આ બોજો ફરતો રહે છે. અંતમાં જે પક્ષકારોનો પુરાવો વધુ શ્રેષ્ઠ અને ભરોસાપાત્ર જણાય તેની સફળ થવાની શક્યતા મહત્તમ હોય છે. આ સ્થાપિત કાનૂની સ્થિતિમાં પરિઘમાં હાલના દાવાના પ્રત્યેક મુદ્દા સબંધે મારા નિર્ણયોના કારણો અંગે હું નીચે મુજબ ચર્ચા હાથ ધરૂ છું.

**૧૦. મુદ્દા નં.૧ થી ૨ ની સંયુકત ચર્ચા.**

આ કામે મુદ્દા નંબર-૧ થી ૨ એકબીજા સાથે સંલગ્ન હોય તેથી, તે મુદ્દાઓ અંગે રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચાનું બિનજરૂરી પુનરાવર્તન અટકાવવાના હેતુથી તથા સગવડતા ખાતર તમામ મુદ્દાઓની ચર્ચા અત્રે એકસાથે કરવામાં આવેલ છે.

**૧૧.** આ કામે દાવાની હકીકત તેમજ દાદ લક્ષમાં લેતાં, સર્વપ્રથમ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ધ્યાને લેવી જરૂરી છે.

**કલમ-૧૦૭. ત્રીસ વર્ષ દરમિયાન હયાત હોવાનું જાણમાં હોય તે વ્યક્તિનું મૃત્યુ સાબિત કરવાનો બોજોઃ-**

કોઈ વ્યક્તિ હયાત છે કે મૃત્યુ પામી છે તેવો પ્રશ્ન હોય તથા ત્રીસ વર્ષ દરમિયાનમાં તે હયાત હતી તેવું દર્શાવવામાં આવે ત્યારે તે મૃત્યુ પામી છે તેમ સાબિત કરવાનો બોજો તે વ્યક્તિ પર છે જે તેમ જણાવતી હોય.

**કલમ–૧૦૮. સાત વર્ષ દરમિયાન જેનાં વિષે કશું સાંભળવા મળ્યુ ન હોય તે વ્યક્તિ હયાત છે તેમ સાબિત કરવાનો બોજોઃ**

પરંતુ, કોઈ વ્યક્તિ હયાત છે કે મૃત્યુ પામી છે તેવો પ્રશ્ન હોય તથા તે હયાત હોત તો જેમણે સ્વભાવિકપણે જ તેનાં વિષે કાંઈક સાંભળ્યુ હોત તેમને સાત વર્ષ દરમિયાન કશું સાંભળવા મળ્યું નથી તેમ સાબિત થયું હોય ત્યારે તે હયાત છે તેમ સાબિત કરવાનો બોજો તે વ્યક્તિ પર આવશે જે તેમ જણાવતી હોય.

**૧૨.** આમ, ઉપરોક્ત બંને કલમો સંયુક્ત રીતે વંચાણે લેતાં, સ્પષ્ટ છે કે, બંને કલમોનું વિષયવસ્તુ સામાન્ય છે કારણ કે, જ્યારે કોઈ ન્યાયિક કાર્યવાહીમાં વ્યક્તિ હયાત છે કે મૃત્યુ પામી છે તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે સાબિતિનો બોજો કોના પર રહે તે અંગેની જોગવાઈ કરેલ છે. વધુમાં, સદરહું કલમો ઉપરથી જણાય આવે છે કે, કોઈ વ્યક્તિ એમ કહેતી હોય કે, એક વ્યક્તિ મૃત્યુ પામી છે અને એવુ દર્શાવવામાં આવે કે, છેલ્લા સાત વર્ષ પહેલા તે વ્યક્તિ હયાત હતી ત્યારે તે વ્યક્તિ હયાત છે તેવુ અનુમાન થાય અને જે વ્યક્તિ એમ જણાવતી હોય કે, વ્યક્તિ મૃત્યુ પામી છે ત્યારે તે મૃત્યુ પામી છે તેમ સાબિત કરવાનો બોજો તેમ કહેનાર પર રહે છે. પરંતુ, તેમછતાં તે વ્યક્તિ વિશે છેલ્લા સાત વર્ષ દરમ્યાન સ્વાભાવિકપણે જેમણે તેમના વિશે કશુ સાંભળયુ હોય તેઓ પણ તેના વિશે કશુ જાણતા ન હોય ત્યારે તેવુ અનુમાન થાય કે, તે વ્યક્તિ હયાત નથી અને પુરાવાની જવાબદારી એટલે કે, સાબિતીની જવાબદારી એ વ્યક્તિ પર જાય જે જણાવતી હોય કે તે વ્યક્તિ હયાત છે. વ્યક્તિ મૃત્યુ પામી છે કે, વ્યક્તિ હયાત છે તે બંનેમાં પ્રશ્ન સાતત્યનો છે અને કુદરતી ક્રમનો છે. વધુમાં આ બંને કલમો વંચાણે લેતાં, જ્યારે વ્યક્તિ હયાત છે કે કેમ  તે પ્રશ્ન ઉપસ્થતિ થાય ત્યારે સાબિતીનો બોજો કોના ઉપર રહે તે આ કલમનું હાર્દ અથવા સત્વ છે. હયાતી અને મૃત્યુ માટે

અનુમાન કરવામાં આવે, પરંતુ મૃત્યુના સમય અંગે અનુમાન કરી શકાય નહીં. મૃત્યુ માટે અનુમાન કરવામાં આવે, પરંતુ મૃત્યુના સમય અંગે કોઈ અનુમાન કરી શકાય નહીં. મૃત્યુનો સમય પક્ષકારે સાબિત કરવાનો રહે છે. સાતત્યના સિદ્ધાંત પર આ કલમ રચવામાં આવી છે. એક વ્યક્તિ હયાત હતી તેવું જણાવવામાં આવે, ત્યારે નિશ્ચિત સમયમર્યાદામાં હોય તો તે વ્યક્તિ આજે પણ હયાત છે તેવું અનુમાન થાય. એ નોંધવું ઉચિત ગણાશે કે બંને કલમમાં એક તફાવત સ્પષ્ટપણે ફલિત થાય છે. કલમ-૧૦૭ માં "એવું દર્શાવવામાં આવે કે .... " તથા કલમ-૧૦૮ માં "એવું સાબિત થાય કે ... " એવાં શબ્દો પ્રયોજવામાં આવ્યા છે. કોઈ હકીકત દર્શાવવી અને કોઈ હકીકત સાબિત થવી એ બંને વચ્ચે તફાવત છે.

**૧૩.** આ કામે હાલના દાવાની હકીકત લક્ષમાં લેતાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો નીચેનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે. જેમાં એવીડન્સ એક્ટની કલમ-૧૦૮ ની વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે, જેના પેરા-૧૩, ૧૪, ૧૫ નીચે મુજબ છે.

***IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD R/SECOND APPEAL NO. 315 of 2021 MANSINH AMARSINH DEVDHARA Versus STATE OF GUJARAT Date : 15/06/2022***

13. **Section 108 of the Evidence Act clearly provides only for raising presumption. It is a limited presumption confined only to presume the factum of death of the person who's life or death is in issue.** There is no presumption as to the facts and circumstances under which the persons may have died. The only inference permissible to be drawn and based on the presumption is that question the man arose, was subject dead to a at the period time of when seven the

years absence, and being unheard of having elapsed before that time. At what point of time the person was dead is not a matter of presumption, but of evidence, factual or circumstantial, and **the onus of proving that the death had taken place at any given point of time or date since the disappearance or within the period of seven years lies on the person who stakes the claim, the establishment of which will depend on proof of the date or time of death**.

**14.** Recourse to the provision of Section 108 cannot be made for deciding starting of point of cause of action, as when any member of family is missing, for whatever reasons, the other members of the family will definitely waiting for return of such missing person. Such waiting period may be ever for decades. **There cannot be any assumption or presumption that after certain period of time, the family members would automatically consider that the missing person has died on a particular date or within a particular point of time. Therefore, if father is waited for returning of his son before previous day of filing of the suit, it cannot be held that limitation period has started after seven years of date of missing of his son.** The entire approach as adopted by both the Courts below in deciding the question of limitation is completely erroneous. human They have lost sight of the facts that it is a tendency to wait for returning of a

missing member of the family for many years. Therefore, in the suit for declaration of the fact that the person be declared as a dead since he is missing for many years cannot be based upon the presumption or assumption arose under Section 108 of the Evidence Act.

15. **Admittedly in the present case, the young son was missing and appropriate information was provided to the police and even by advertisement in the newspaper and yet the Police could not find out him nor the missing son eturned back to the family**. Under these circumstances, if the father has waited for many years for returning of his son, his claim for declaration cannot be turned down solely based upon the presumption under Section 108 of the Indian Evidence Act. The cause of action for declaration of death of such missing son would arose, as and when, it is admittedly believed by the father and the family members that he might be dead. Therefore, under the facts and circumstances of this case, it clearly shows that the suit is not barred by the law of limitation. The entire approach of the learned Trial Court as well as the learned Appellate Court are not sustainable in the eyes of law. Therefore, the judgments and decrees passed by both the Courts below need to be set aside and the suit of the plaintiff deserves to be allowed. Therefore, I have decided point No.1 in affirmative accordingly.

**૧૪.** વધુમાં, ઉપરોક્ત બંને કલમોની વિગતવારની ચર્ચા નામદાર ગુજરાત હાઈકોર્ટના **૨૦૧૮(૦) એઆઈજે–જીજે ૨૩૯૭૧૪, સુશીલાબેન પ્રભાશંકર ધ્રુવ વિરુદ્ધ કલેક્ટર, અમદાવાદ** તેમજ **૨૦૧૮ (૦) એઆઈજે–જીજે ૨૩૯૬૧૮, તોરલબેન વા/ઓ. હીંમતભાઈ રમણભાઈ પુરબીયા વિરુદ્ધ કલેકટર અમદાવાદ સીટી** ના ચુકાદાઓમાં કરવામાં આવેલ છે. આ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો હાલના દાવાની હકીકત ધ્યાને લેતાં, વંચાણે લેવા જરૂરી છે. જે નીચે મુજબ છે.

*2018 (0)* ***AIJ–GJ*** *239714* ***Sushilaben Prabhashankar Dhruv Versus Collector, Ahmedabad OCTOBER*** *8, 2018*

24. I am unable to agree with the view taken by the trial Court that in the absence of an F.I.R. or any police investigation or police record or in absence of any public notice, the presumption under Section–108 of the death cannot be drawn. I am saying so because Section–108 of the Evidence Act does not provide any particular procedure to befollowed for the presumption of death. In view of the presumption of continuance of life, it was thought necessary to provide for the counter–presumption whether a person's Death would seem more likely from the nature and circumstances of the case than the continuance of life. In such circumstances, where a person is continually absent from home for a period of seven years unheard of by persons known other than his own family members, who would have naturally received intelligence from him, he is presumed to be dead. The burden of proving that he is alive

thereafter is shifted to the person, who affirms that he is not dead. It is a rebuttable presumption. The defendant in the present case has not appeared and contested the suit. The defendant has failed to rebut the presumption by leading any evidence. The presumption is embodied in Section–108 which is a proviso to Section–107. If a case comes within the four corners of Section–108, it is taken out of Section–107.

**25.** Section–3 of the Evidence Act prescribes the standard of proof by defining the word 'proved' as follows:

"Proved – A fact is said to be proved when, after considering the matters before it, the Court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists."

If the test of preponderance of probability laid down by Section 3 of the Act is applied, that is to say a fact is said to be proved if the Court considers its existence to be so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon certain supposition that it exists, then it would have to be held that Arvindbhai has died sometime in 1970 or soon thereafter. If he was alive after 1970, there was no reason for him not to contact his immediate family members. It is not the case that Arvindbhai left

the house in distress or he was under some disability which prevented him from returning home or even contacting his family members. Nor is it shown that Arvindbhai was missing in such circumstances or could be at such place wherefrom he could not even contact his parents or close family members. Considering the fact that Arvindbhai was not under any distress or disability nor was he in the situation wherefrom he could not contact his family members coupled with the fact that he has not contacted his family members at all since 1970 makes me, as a man of ordinary prudence, believe that Arvindbhai must have died in 1970 or soon thereafter.

*() 2018 (0)* ***AIJ-GJ*** *239618* ***Toralben W/o Himmatbhai Ramanbhai Purbiya Versus Collector Ahmedabad City Date :- JULY*** ***16, 2018***

**3.** It appears that the Suit came to be dismissed by the Court below on account of a serious misconception of fact as well as law. The issue before the Civil Court was not with regard to the compassionate appointment. The issue before the Civil Court was with regard to a declaration that the husband of the appellant is deemed to be dead. This part of the relief has been granted by the trial Court. <u>However, ultimately, the Suit came to be dismissed on account of non-joinder of the necessary party i.e. the Ahmedabad Municipal Corporation. According to the trial Court, the relief with regard to the</u>

compassionate appointment could not have been granted in the absence of the Corporation before the Court.

**6.** In my view, the Court below committed an error in dismissing the Suit on the ground of non−joinder of necessary party. The trial Court has already recorded a categorical finding as regards the fact that the husband is missing past more than seven years and he could be presumed to be dead.

**18.** In Mukunda Behera v. Subarna Bewa, AIR 1962 Orissa 3, reliance was placed on Lal Chand v. Ramrup Gir AIR 1926 PC 9, and it was held that if a person has not been heard of for seven years, there is a presumption of law that he is dead but at what time within that period he died is not a matter of Presumption but of evidence, and the onus of proving that the Death took place at any particular time within the seven years lies upon the person who claims a right to the establishment of which that fact is essential.In Huseinny J. Bhagat's case (AIR 1965 Mad 440) (supra), it was again held that the only presumption under Section 108 of the Indian Evidence Act that can be raised is that the young man was dead at the time when the question arose (date of plaint).

**૧૫.** ઉપરોક્ત નામદાર ઉચ્ચ અદાલતો દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ કાયદાકીય સિદ્ધાંતો અને પ્રસ્તુત દાવાની હકીકતોને સુસંગત રાખી, હવે આ અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલા મુદ્દાઓ પરત્વે રેકર્ડ પરના પુરાવાનું

ન્યાયિક મૂલ્યાંકન કરવામાં આવે તો, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૮ હેઠળ 'કાનૂની મૃત્યુ'નું અનુમાન મેળવવા માટે વાદી પક્ષે સર્વપ્રથમ એ હકીકત પુરવાર કરવી અનિવાર્ય છે કે, નરેન્દ્રસિંહ અનીરુધ્ધસિંહ રાયજાદા તા. ૧૬/૫/૨૦૦૮ ના રોજ ગુમ થયેલ છે?

જે અંગે જોવામાં આવે તો, વાદી તરફે હાલના કામે આંક-૨૧ થી રજૂ કેશોદ પોલીસ સ્ટેશનની ફરિયાદ અરજીની નકલ, આંક-૨૨ થી રજૂ કેશોદ પોલીસ સ્ટશનમાં ગુમ થયા અંગેના રજીસ્ટરમાં નોંધ લીધાની અરજીની નકલ તથા આંક-૨૩ થઈ રજૂ કેશોદના પી.આઇ.શ્રીએ રજીસ્ટરે ગુમ થયાની અરજીના હુકમની નકલ ધ્યાને લેતા, તા. ૦૮/૦૫/૨૦૧૬ ના રોજ કેશોદ પોલીસ સ્ટેશનમાં નરેન્દ્રસિંહ રાયજાદા ગુમ થયા અંગેની જાણ કરી હતી. જોકે, અગાઉના ચુકાદામાં માત્ર પોલીસ જાણના સમયગાળાને લક્ષમાં લેવામાં આવ્યો હતો, પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટેના ***2018 (0) AIJ-GJ 239714 Sushilaben Prabhashankar Dhruv Versus Collector, Ahmedabad OCTOBER 8, 2018*** ના ચુકાદામાં સ્પષ્ટ કરેલ છે કે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૮ હેઠળ મૃત્યુના અનુમાન માટે પોલીસ તપાસનો અહેવાલ કે એફ.આઈ.આર. હોવી અનિવાર્ય શરત નથી. જ્યારે વ્યક્તિના નજીકના સગાઓ સાત વર્ષ સુધી તેના વિશે કંઈ સાંભળતા નથી, ત્યારે કાયદાકીય અનુમાન વાદીની તરફેણમાં ઉભું થાય છે. વર્તમાન સ્થિતિએ જોતા, હાલે પોલીસમાં જાણ કર્યાને પણ સાત વર્ષથી વધુનો સમય વીતી ગયો છે, જેથી તે કાયદાકીય અવરોધ હવે અસ્તિત્વમાં નથી. વધુમાં, આ કામે વાદીઓએ દ્વારા રજૂ કરેલ મૌખિક પુરાવો જોતા, વાદી નં-૧ વિમલાબેન વા.ઓ. નરેન્દ્રસિંબ અનિરુદ્ધસિંહ રાયજાદા અને સાક્ષીઓએ એક સરખી હકીકતે જુબાની આપી છે કે ગુમ થનાર નરેન્દ્રસિંહ વર્ષ ૨૦૦૮ થી આજદિન સુધી પરત આવ્યા નથી કે કોઈને જોવા મળ્યા નથી. પ્રતિવાદી પક્ષ તરફથી આ સાક્ષીઓની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી, જેથી તેઓની જુબાની બિન-તકરારી સાબિત થયેલ છે. વળી, પ્રતિવાદી તલાટી મંત્રીએ રજૂ કરેલ પંચરોજકામ આંક-૨૬ પણ એ હકીકતને

સમર્થન આપે છે કે ગામમાં કોઈએ પણ ગુમ થનારને છેલ્લા સાત વર્ષથી જોયા નથી. આમ, માત્ર દસ્તાવેજી જ નહીં પરંતુ મૌખિક અને સંજોગલક્ષી પુરાવા પરથી પણ એ સાબિત થાય છે કે ગુમ થનારના અસ્તિત્વ વિશે તેના નજીકના સગાઓએ સાત વર્ષથી વધુ સમયથી કશું જ સાંભળ્યું નથી. આથી, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૮ હેઠળનું કાનૂની અનુમાન વાદીની તરફેણમાં લેવું ન્યાયોચિત જણાય છે.

**૧૬.** વધુમાં, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૮ મુજબ, સાબિતીનો બોજો એવા સાક્ષીઓ દ્વારા પૂર્ણ થાય છે જેઓ ગુમ થયેલ વ્યક્તિના 'કુદરતી સાક્ષી' હોય. આ કામે વાદી નં.૧ વિમલાબા વા.ઓ. નરેન્દ્રસિંહ અનિરુદ્ધસિંહ રાયજાદા (પત્ની), વાદી નં.૨ રાયજાદા સ્વપ્નીલસિંહ નરેન્દ્રસિંહ (પુત્ર) અને સાહેદ કૃષ્ણાબા (માતા) એ સોગંદ ઉપર જણાવ્યું છે કે, ૨૦૦૮ થી નરેન્દ્રસિંહનો કોઈ પતો નથી. એક માતા કે પત્ની પોતાના નજીકના સગાના મૃત્યુ અંગે ખોટી જુબાની આપે તેવું સામાન્ય સંજોગોમાં માનવીય રીતે સંભવ નથી. વળી, પ્રતિવાદી પક્ષ તરફથી આ સાક્ષીઓની કોઈ ઉલટતપાસ કરવામાં આવી નથી, જેથી તેઓનો પુરાવો બિન–તકરારી અને સ્વીકારવા પાત્ર રહેલ છે. વધુમાં, વાદી પક્ષે માત્ર પરિવારના સભ્યો જ નહીં પરંતુ આંક–૧૧ થી સાક્ષી મુળજીભાઈ બાવનજીભાઈ ઉસદડીયા જેવા સ્વતંત્ર અને તટસ્થ સાક્ષીની પણ તપાસ કરેલ છે, જેમણે સોગંદનામા પર સમર્થન આપ્યું છે કે નરેન્દ્રસિંહ વર્ષ ૨૦૦૮ થી સોંદરડા ગામે જોવા મળેલ નથી. આમ, જ્યારે ગુમ થનારના પરિવારજનો તેમજ સમાજના અન્ય વ્યક્તિઓ દ્વારા એક સરખી હકીકતે જુબાની આપવામાં આવી હોય અને તે જુબાનીને ખંડિત કરતો કોઈ જ પુરાવો પ્રતિવાદી પક્ષે રજૂ કર્યો ન હોય, ત્યારે તે પુરાવા પર અવિશ્વાસ કરવાનું કોઈ કારણ રહેતું નથી. વળી, પ્રતિવાદી તલાટી મંત્રીશ્રીએ પણ પોતાના જવાબ અને આંક–૨૬ વાળા પંચરોજકામ દ્વારા સ્વીકારેલ છે કે નરેન્દ્રસિંહની કોઈ ભાળ મળેલ નથી. આ સંજોગોમાં, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–

૧૦૮ હેઠળનું કાનૂની અનુમાન વાદીઓની તરફેણમાં સ્પષ્ટપણે રીતે સાબિત થાય છે તેમ મારૂ માનવું છે.

**૧૭.** વધુમાં વાદીઓએ ૨૦૦૮ માં આંક–૧૯ થી રજૂ નકલ મુજબ 'જય હિન્દ' વર્તમાન પત્રમાં જાહેરાત આપીને નરેન્દ્રસિંહની શોધખોળના પૂરતા પ્રયાસો કર્યા હોવાનું ફલિત થાય છે. વળી, પ્રતિવાદી તલાટી મંત્રીએ માર્ક–૪૦/૩ થી રજૂ કરેલ પંચરોજકામ મુજબ સોંદરડા ગામના પંચો અને આગેવાનોએ પણ ખાતરી આપી છે કે નરેન્દ્રસિંહ વર્ષ ૨૦૦૮ થી ગામમાં જોવા મળ્યા નથી. આમ, મૌખિક પુરાવાને દસ્તાવેજી પુરાવા અને સરકારી સત્તાધિકારીના અહેવાલથી મજબૂત સમર્થન મળે છે. વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટેના ***2018 (0) AIJ–GJ 239714 Sushilaben Prabhashankar Dhruv Versus Collector, Ahmedabad OCTOBER 8, 2018*** ના કેસમાં ઠરાવ્યા મુજબ, જાહેર નોટિસ એ વ્યક્તિને શોધવાના નિષ્ઠાવાન પ્રયાસોનું પ્રતીક છે. પ્રસ્તુત કેસમાં, વર્ષ ૨૦૦૮ ની આંક–૧૯ વાળી જાહેર ખબર એ બાબતની ખાતરી આપે છે કે, વાદીઓએ નરેન્દ્રસિંહ ગુમ થયાના ટૂંકા ગાળામાં જ તેમને શોધવાની તજવીજ હાથ ધરી હતી. વળી, પ્રતિવાદી તલાટી મંત્રી એ એક જાહેર સેવક હોઈ, તેઓ દ્વારા કરવામાં આવેલ પંચરોજકામ અને તપાસનો અહેવાલ કાયદાની નજરમાં ઘણો મહત્વનો ગણાય. જ્યારે ગ્રામ પંચાયત જેવા સ્થાનિક સત્તાધિકારી પોતે એ હકીકત સ્વીકારે કે, વ્યક્તિ છેલ્લા ૧૫ વર્ષથી તેના રહેઠાણના સ્થળે જોવા મળેલ નથી, ત્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૮ હેઠળનું અનુમાન વધુ દ્રઢ બને છે. આમ, વાદીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક જુબાની, વર્તમાન પત્રની જાહેરાત અને ગ્રામ પંચાયતનો અહેવાલ આ તમામ પુરાવાઓ એકબીજા સાથે સુસંગત રહીને નિર્વિવાદપણે સાબિત કરે છે કે, નરેન્દ્રસિંહ રાયજાદા લાંબા સમયથી ગુમ છે અને તેઓના અસ્તિત્વ વિશે કોઈ જ ભાળ મળેલ નથી.

**૧૮.** વધુમાં નામદાર અપીલ અદાલતે આ કેસ રિમાન્ડ કરતી વખતે એ હેતુ સ્પષ્ટ કર્યો હતો કે, વાદીઓ ટેકનિકલ કારણોસર ન્યાયથી વંચિત ન રહેવા

જોઈએ. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૮ નો મૂળ હેતુ જ એ છે કે જ્યારે કોઈ વ્યક્તિ લાંબા સમય સુધી અસ્તિત્વમાં ન હોય, ત્યારે તેના વારસદારોને મિલકતના વહીવટ અને અન્ય કાનૂની કાર્યોમાં પડતી મુશ્કેલીઓ દૂર કરી શકાય. હાલના કેસમાં ૧૫ વર્ષ કરતા વધુનો સમય વીતી ગયો હોઈ, નરેન્દ્રસિંહ જીવિત હોવાનું કોઈ અનુમાન કરી શકાય તેમ નથી. ઉલટું, કાયદાની પ્રસ્થાપિત સ્થિતિ મુજબ હવે નરેન્દ્રસિંહનું 'Civil Death' (નાગરિક મૃત્યુ) થયેલ હોવાનું માની લેવું ન્યાયોચિત છે. માત્ર પ્રક્રિયાગત વિલંબને કારણે વાદીઓના મિલકત વિષયક હક્કોને ગુંગળાવી શકાય નહીં, કારણ કે કાયદાનો હેતુ વિવાદોનો અંત લાવવાનો છે, તેને અનંતકાળ સુધી લંબાવવાનો નથી.

**૧૯.** આમ, ઉપરોક્ત તમામ કાયદાકીય પાસાઓ, નામદાર ઉચ્ચ અદાલતોના પ્રસ્થાપિત સિદ્ધાંતો અને રેકર્ડ પરના પુરાવાઓનું સંયુક્ત મૂલ્યાંકન કરતા, વાદીઓ નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદાનું 'કાનૂની મૃત્યુ' (Civil Death) થયેલ છે તેવું જાહેર કરવા માટેનો પોતાનો દાવો વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શક્યા છે જેથી હાલના કામે ઉપસ્થિત થયેલ **મુદ્દા નં.૧** નો જવાબ **હકારમાં** આપી, **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબ **આખરી હુકમ** ફરમાવું છું.

// **આ ખ રી હુ ક મ** //

(૧) વાદીઓનો દાવો **મંજૂર** કરવામાં આવે છે.

(૨) ગુમસુદા નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદા , રહે.સોંદરડાવાળા સને ૨૦૦૮ થી ગુમ થયેલ હોય ભારતીય પુરાવા અધિનિયમની કલમ.૧૦૮ મુજબ તેમનુ કાનુની મૃત્યુ થયેલ છે તેવું જાહેર કરવામાં આવે છે.

(૩) પ્રતિવાદી તલાટી મંત્રીશ્રી, સોંદરડા ગ્રામ પંચાયતે આ હુકમ મુજબ ગુમસુદા નરેન્દ્રસિંહ અનિરૂધ્ધસિંહ રાયજાદા ની મરણ રજીસ્ટરમાં

યોગ્ય નોંધ કરી, વાદીઓ દ્વારા સરકારશ્રીના નિયમ મુજબની જરૂરી ફી ભર્યેથી, તેઓને મરણનું પ્રમાણપત્ર કાઢી આપવા આદેશ કરવામાં આવે છે.

(૪) દાવાનું ખર્ચ પક્ષકારોએ પોત પોતાનું ભોગવવું.

હુકમ આજ તા.૧૭ મી માહે–જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**Date:17-07-2026** **(Valjibhai shamjibhai Patel)**

**Place:Keshod.** **Principal Sr.Civil JUdge,**
**Keshod.**
**(Code no GJ01484)**